# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-05-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

---------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# REV PM MODI SOMNATH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, સોમનાથ મંદિર અતૂટ શ્રદ્ધા, દિવ્યતા અને દેશના શાશ્વત આત્માના પવિત્ર પ્રતીક તરીકે ઉભું છે. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં સોમનાથ અમૃત મહોત્સવને સંબોધતા તથા દેશવાસીઓને અને દાદા સોમનાથના કોટિ-કોટિ ભક્તોને આ મહોત્સવની શુભેચ્છાઓ પાઠવતા શ્રી મોદીએ કહ્યું સોમનાથ મંદિર આપણને યાદ અપાવે છે. કોઈ દેશ ત્યારે જ અસ્તિત્વમાં રહી શકે જ્યારે તેનો વારસો જળવાઈ રહે છે. શ્રી મોદીએ સોમનાથ અમૃત મહોત્સવને આગામી એક હજાર વર્ષ માટેના ભારતની પ્રેરણા પણ ગણાવ્યો.

શ્રી મોદીએ કહ્યું, 75 વર્ષ પહેલા આજના જ દિવસે સોમનાથ મંદિરનું પુનઃનિર્માણ એ કોઈ સામાન્ય પ્રસંગ નહતો. વર્ષ 1951માં સોમનાથ મંદિરની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા એ ભારતની સ્વતંત્ર ચેતનાનો ઉદ્ઘોષ કર્યો હતો.

## (BYTE: NARENDRA MODI, PRIME MINISTER) – SOMNATH MANDIR

શ્રી મોદીએ પોતાના સંબોધનમાં 11 મે 1998ના દિવસે ભારતે કરેલા પોખરણ પરમાણુ પરીક્ષણનો પણ ઉલ્લેખ કર્યો.

## (BYTE: NARENDRA MODI, PRIME MINISTER) – NUCLEAR TEST

કાર્યક્રમ દરમિયાન શ્રી મોદીએ સોમનાથ અમૃત પર્વ નિમિતે વિશેષ સ્મારક ટપાલ ટિકિટ તેમજ 75 રૂપિયાનો વિશેષ સ્મારક સિક્કો પણ બહાર પાડ્યો.

# PM MODI RITUALS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોમનાથ અમૃત પર્વ નિમિત્તે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં વિશેષ પૂજાઅર્ચના કરી. તેમણે સોમનાથ મંદિરના શિખર પર કુંભાભિષેક કર્યો. સોમનાથ મંદિરના ઇતિહાસમાં પહેલી વાર મંદિરના શિખર પર 11 તીર્થસ્થળમાંથી લવાયેલા પવિત્ર જળનો મંદિરને અભિષેક કરાયો છે. શ્રી મોદી ધ્વજારોહણ સમારોહમાં પણ ઉપસ્થિત રહ્યા હતા.

દરમિયાન વાયુસેનાએ એર શો કર્યો, જેમાં સૂર્યકિરણ એરોબેટિક્સ ટીમે સોમનાથ મંદિર ઉપર આકર્ષક કરતબ રજૂ કર્યા. તેમજ હેલિકોપ્ટરના માધ્યમથી મંદિર પર પુષ્પવર્ષા પણ કરવામાં આવી. ત્યારબાદ શ્રી મોદીએ વિશેષ પ્રદર્શનીનું નિરીક્ષણ કર્યું.

આ પહેલા શ્રી મોદીએ ખૂલ્લી જીપમાં હમીરજી ગોહિલ સર્કલ સુધી રોડ શો કરી લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. તેમની સાથે જીપમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ જોવા મળ્યા હતા. શ્રી મોદીએ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરી. સોમનાથ અમૃત પર્વ, સોમનાથ મંદિરના પુનઃનિર્માણના 75 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ઉજવાઈ રહ્યો છે.

# PM MODI VADODARA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાંજે વડોદરા પહોંચશે, જ્યાં તેઓ રાજ્યના ત્રીજા અત્યાધુનિક સરદારધામનું લોકાર્પણ કરશે. શ્રી મોદી સરદારધામ પરિયોજના સાથે સંબંધિત અનેક શૈક્ષણિક અને એકીકરણ-નિર્માણ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કરશે. દરમિયાન પ્રધાનમંત્રીને પાટીદાર રત્ન પુરસ્કારથી સન્માનિત કરાશે.

(VOICECAST: HARSHAL PANDYA)

# BVR FAMILY HIMACHAL ACCIDENT

હિમાચલ પ્રદેશના મનાલીમાં માર્ગ અકસ્માતમાં ભાવનગરના છ લોકોના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે, મનાલી–બેલા રાજમાર્ગ પર કાર ખીણમાં ખાબકતા એક જ પરિવારના પાંચ સભ્ય અને ચાલક સહિત કુલ છ લોકોના મોત નીપજ્યા. જ્યારે આ દુર્ઘટનામાં ચાર લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને સ્થાનિક હૉસ્પિટલ ખસેડાયા છે. કારચાલકે કાબૂ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હોવાનું જણાયું છે.

# MENSANA UN VISIT

સંયુક્ત રાષ્ટ્રસંઘના નિવાસી સંયોજક સ્ટીફન પ્રિઝનર અને તેમની ટીમે મહેસાણામાં દેશના સૌપ્રથમ સૌરઉર્જા ગામ તરીકે ઓળખાતા મોઢેરાની મુલાકાત લીધી. ટીમે ગામમાં સૌરઉર્જા યોજનાઓ અને તેનાથી લોકોના જીવનમાં આવેલા પરિવર્તન અંગેની માહિતી મેળવી હતી.

સૌરઉર્જા ક્ષેત્રે રાજ્યએ કરેલા પ્રયાસની પ્રશંસા કરી ગામના લોકો સાથે સંવાદ કર્યો. ટીમે ગામમાં સૌરઉર્જા પૅનલ લગાવેલા ઘરોની મુલાકાત લઈને કામગીરી નિહાળી હતી.